


RNI No. GUJGUJ /2008/26148
GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 155
Dt.: 15-02-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### હાઈવે પર ઉતર્યું વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન!

# આસામમાં મોદીની વાયુસેનાના 'સંકટમોચક' વિમાનમાં મુસાફરી

## ચીન બોર્ડર નજીક રાફેલ-સુખોઈએ બતાવ્યું પરાક્રમ, ઈમરજન્સીમાં લાઈફલાઈન બનશે આ સુવિધા

(સંપૂર્ણ સમાચાર સેવા)ડિબ્રુગઢ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે વાયુસેનાના C-130 વિમાનમાં મુસાફરી કરીને આસામના ડિબ્રુગઢથી મોરાન પહોંચ્યા હતા. જોકે, આ મુસાફરી કોઈ સામાન્ય મુસાફરી નહોતી. આ મુસાફરી પર સમગ્ર વિશ્વની નજર હતી. તેમની આ યાત્રા અનેક બાબતે મહત્ત્વની છે. વડાપ્રધાન મોદી જે વિમાનમાં સવાર થઈને મોરાન પહોંચ્યા, તેને ભારતીય વાયુસેનાનો 'સંકટમોચક' પણ કહેવામાં આવે છે. આ વિમાન ન માત્ર યુદ્ધના મેદાનમાં, પરંતુ પ્રાકૃતિક આફતો અને બચાવ કામગીરીમાં પણ વિશ્વાસપાત્ર સાથી સાબિત થયું છે.

આસામના ડિબ્રુગઢમાં મોરન બાયપાસ પર એક ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા (ELF)નું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમની મુલાકાત દરમિયાન આ સુવિધાને વ્યક્તિગત રીતે જોઈ હતી. તેમણે તેને આસામ માટે એક ઐતિહાસિક સીમાચિહ્ન ગણાવ્યું હતું. પીએમ મોદીની હાજરીમાં ફાઈટર, ટ્રાન્સપોર્ટ અને હેલિકોપ્ટર વિમાનોના હવાઈ પ્રદર્શનો કરવામાં આવ્યા હતા. આ પૂર્વોત્તર રાજ્યોમાં પ્રથમ ઈમરજન્સી લેન્ડિંગ સુવિધા છે. તેના નિર્માણથી ઈમર્જન્સી દરમિયાન લશ્કરી અને નાગરિક વિમાનોના લેન્ડિંગ અને ટેકઓફને સરળ બનાવવામાં મદદ કરશે.

હરક્યુલિસ C-130J વિમાન એ 30 મીટર લાંબુ અને ૧૨ મીટર ઊંચુ છે. આ વિમાન ૧૯ ટન સુધીનો વજન ઉપાડી શકે છે, તે ૬૪૩ કિ.મી પ્રતિ કલાકની ઝડપથી ઉડી શકે છે અને એક વખતમાં ૩,૩૩૪ કિ.મી. સુધીની ઉડાન ભરી શકે છે. આ વિમાનને છેવાડાના વિસ્તારોમાં યોગ્ય રીતે કામ કરવા માટે અપગ્રેડ કરવામાં આવ્યું છે. ૪ એન્જિન ધરાવતું આ વિમાન લગભગ ૯૦ સામાન્ય મુસાફરો કે ૬૪ સૈનિકો સાથે ઉડાન ભરી શકે છે. આ વિમાન ખૂબ નાના રનવે પર પણ ઉતરી શકે છે અને ખરબચડી જમીન પર પણ લેન્ડ કરી શકે છે. આટલું જ નહીં, આ વિમાન ખરાબથી ખરાબ હવામાનાં પણ ઉડાન ભરવા માટે સક્ષમ છે.

અમેરિકન કંપની લોકહીડ માર્ટિનના C-130J વિમાનને દુનિયાનું સૌથી આધુનિક ટ્રાન્સપોર્ટ વિમાન ગણવામાં આવે છે. તેના નામે ૫૪ વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલા છે. અમેરિકા અને ભારત સહિત ૨૩થી વધુ દેશ આ વિમાનનો ઉપયોગ કરે છે. લોકહીડ માર્ટિન ૫૬૦થી વધુ ઝ-૧૩૦ત વિમાન બનાવીને ડિલિવર કરી ચૂક્યું છે. ક્વાડ સંગઠનના ત્રણ અન્ય દેશ અમેરિકા, ઓસ્ટ્રેલિયા અને જાપાન પણ આ વિમાનનો ઉપયોગ કરે છે.

ભારતીય વાયુસેના પાસે હાલ ૧૨ C-130J સુપર હરક્યુલિસ વિમાન છે. જેને અલગ-અલગ તબક્કામાં સેનામાં સામેલ કરવામાં આવ્યું છે. ૨૦૧૧માં પહેલીવાર આ વિમાનને વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું હતું. ભારતમાં પહેલીવાર ૨૦૦૮માં અમેરિકન કંપની લોકહીડ માર્ટિન સાથે ૬ હરક્યુલિસ વિમાન માટે ડીલ કરી હતી.

જે વર્ષ ૨૦૧૧થી પહેલા ડિલિવર થઈ ચૂક્યા હતા. જે પછી ભારતે આવા વધુ ૬ વિમાન માટે ઓર્ડર આપ્યું હતું, જે ૨૦૧૭થી ૨૦૧૯ વચ્ચે વાયુસેનામાં સામેલ થયા હતા. આ વિમાનના બેઝ ગાઝિયાબાદના હિંડન એરબેઝ અને પશ્ચિમ બંગાળના પાનાગઢમાં તહેનાત છે.



આ વિમાન સ્પેશિયલ ઓપરેશનમાં પણ ખૂબ જ મદદરૂપ છે. સર્ચ અને રેસક્યૂ મિશનમાં પણ તેની મદદ લેવામાં આવે છે. આકાશમાંથી સૈનિકોને ઉતારવાથી લઈને ઈલેક્ટ્રોનિક દેખરેખ સધી આ વિમાનની મદદ લેવામાં આવે છે. આ વિમાન મોટી સંખ્યામાં સૈનિકોને ઝડપથી કોઈપણ સ્થળે પહોંચાડી શકે છે. આ વિમાન સૈનિકો માટે જરૂરી સામાનની હેરફેર માટે પણ ઉપયોગી છે. ૨૦૨૦માં ચીન સાથે થયેલા તણાવ દરમિયાન આ વિમાને લદાખમાં સ્થિત દુનિયાના સૌથી ઊંચા એરફીલ્ડ પર સૈનિકોને તહેનાત કરવામાં મદદ કરી હતી.

### IPL 2026 પહેલા મોટું એલાન

## ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં ૨ ભારતીય દિગ્ગજોના નામ પર સ્ટેન્ડ્સ હશે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

**IPL 2026**ની શરૂઆત પહેલા ચિન્નાસ્વામી સ્ટેડિયમને લઈને મોટી જાહેરાત કરવામાં આવી છે. વેંકટેશ પ્રસાદની અધ્યક્ષતામાં કર્ણાટક સ્ટેટ ક્રિકેટ એસોશિએશને આ ઐતિહાસિક સ્ટેડિયમમાં ૨ સ્ટેન્ડ્સના નામ અનિલ કુંબલે અને રાહુલ દ્રવિડના નામ પર રાખીને ભારતીય ક્રિકેટ લિજેન્ડ્સને સન્માનિત કર્યા છે. ઉલ્લેખનીય છે કે, બંને દિગ્ગજ ખેલાડીએ કર્ણાટક ક્રિકેટ માટે ઘણું યોગદાન આપ્યું છે. રાહુલ દ્રવિડે કહ્યું કે, મે ઘરથી વધારે આ ગ્રાઉન્ડ પર સમય વિતાવ્યો છે.

કુંબલે જૂન ૨૦૧૬થી જૂન ૨૦૧૭ સુધી એક વર્ષ માટે ભારતના હેડ કોચ રહ્યા છે. કુંબલેના નામે ટેસ્ટ અને વનડેમાં ભારત માટે સૌથી વધુ વિકેટ લેવાનો રેકોર્ડ છે. જ્યારે બીજી તરફ, સચિન તેંદુલકર પછી ટેસ્ટ ક્રિકેટમાં સૌથી વધુ રન કરનાર બીજા ભારતીય ખેલાડી દ્રવિડે પણ ભારતીના હેડ કોચની ભૂમિકા નીભાવી છે અને ટીમને વર્ષ ૨૦૨૪માં બારબાડોસમાં T20 વર્લ્ડ કપ જીતવામાં માર્ગદર્શન આપ્યું હતું. ખાસ વાત એ છે કે, આ બંને ખેલાડીએ ભારતીય કેપ્ટન તરીકે પણ રોલ ભજવ્યો છે. અનિલ કુંબલેએ કહ્યું કે, "મને નથી લાગતું કે એવું કહેવું ખોટું હશે કે આપણા બધાના યોગદાનથી કર્ણાટક ક્રિકેટ બન્યું છે, જેમ કર્ણાટક ક્રિકેટે આપણા બધાને બનાવ્યા છે. ખરેખર કોનું નામ કયા સ્ટેન્ડ પર છે તે મહત્ત્વનું નથી. ખરેખર ખાસ વાત એ છે કે, આપણા બધાના યોગદાનને માન્યતા આપવામાં આવી છે અને હવે તે સ્ટેડિયમમાં કાયમી માટે માર્ક થઈ ગયું છે." કુંબલે એ વાતથી પણ ખુશ છે કે, દ્રવિડ અને મહિલા નેશલન ટીમના પૂર્વ કેપ્ટન શાંતા રંગાસ્વામીના નામ પરથી સ્ટેન્ડ્સ બનાવવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે, "એ બહુ સારું છે કે, મારા ક્રિકેટ સાથી રાહુલ દ્રવિડ અને શાંતા રંગાસ્વામીને પણ કર્ણાટક અને ભારતીય ક્રિકેટમાં તેમના યોગદાન માટે ઓળખ મળી છે. તેઓને શુભેચ્છા. આપણા ઘણા મહાન ખેલાડીઓના નામ પર સ્ટેન્ડ્સનું નામકરણ જોવાનું ખૂબ જ અદ્ભુત છે. જેમાંથી કેટલાક સાથે મને રમવાની તક મળી હતી અને કેટલાક જેમણે દ્વજીઝછ ખાતે આપણા માટે એક ઉદાહરણ બેસાડ્યું હતું."

રંગાસ્વામી ટેસ્ટ સેન્ચ્યુરી કરનારી પહેલી ભારતીય મહિલા છે અને તેઓએ દેશમાં મહિલા ક્રિકેટના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા નીભાવી છે. વર્ષ ૧૯૭૬ અને ૧૯૯૧ વચ્ચે ૧૬ ટેસ્ટ અને ૧૯ મહિલા વનડે મેચમાં રંગાસ્વામીએ ૧,૦૩૭ રન કર્યા છે. જેમાં સેન્ચ્યુરી અને સાત ફિફ્ટીનો સમાવેશ થાય છે. ગત ઓક્ટોબરમાં તેમણે ઈન્ડિયન ક્રિકેટર્સ એસોશિએશન(ICA)ના પ્રેસિડેન્ટ પસંદ કરાયા હતા.

### જીત બાદ તારિક રહેમાનનું પહેલું નિવેદન

## બીએનપી સરકારની 'બાંગ્લાદેશ ફર્સ્ટ' નીતિ ઉપર કામ કરશે

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશની ચૂંટણીમાં 'બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી' **(BNP)**એ પ્રચંડ વિજય મેળવ્યા બાદ પાર્ટીના અધ્યક્ષ રહેમાને આજે પ્રથમવાર દેશને સંબોધન કર્યું છે. આ દરમિયાન તેમણે વિશ્વભરને મેસેજ આપવાની સાથે બાંગ્લાદેશની નીતિ, જૂની સરકારની ભૂલો અને ભારત-બાંગ્લાદેશના સંબંધોનો ઉલ્લેખ કર્યો છે. બાંગ્લાદેશના નવા વડાપ્રધાન તારિક રહેમાને સંબોધનમાં કહ્યું છે કે, તેઓ બીએનપી સરકારની 'બાંગ્લાદેશ ફર્સ્ટ' નીતિ પર કામ કરશે.

તેમણે સંબોધનમાં પાવલફુલ લાઈનો ઉલ્લેખ કરીને અને બાંગ્લાદેશની સ્થિતિ બદલવાના સંકેત આપીને કહ્યું કે, 'આજથી બાંગ્લાદેશ આઝાદ છે, આજથી આપણે સ્વતંત્ર છીએ.'તારિક રહેમાને દાવો કર્યો છે કે, બાંગ્લાદેશમાં ૧૫ વર્ષ બાદ સ્વતંત્રતા અને અધિકારોનો ચોક્કર સમય પરત આવ્યો છે. તેમણે પાર્ટીની જીત તે લોકોને સમર્પિત કરી છે, જેમણે લોકશાહી માટે પોતાનું બલિદાન આપ્યું છે અને તમામ સંકટો પાર કરીને મતદાન કર્યું છે. તારિકના જણાવ્યા મુજબ, બાંગ્લાદેશ દોઢ દાયકા બાદ સીધા મતદાનથી જનતા પ્રત્યે જવાબદાર સંસદ અને સરકારની સ્થાપના થઈ છે.સત્તા સંભાળતાની સાથે જ તેમણે પ્રજા સમક્ષ દેશની વાસ્તવિક સ્થિતિની પોલ ખોલી છે. તેમણે અગાઉની સરકારને તાનાશાહી ગણાવીને કહ્યું કે, તેમને વારસામાં નબળી અર્થવ્યસ્થા અને તૂટેલો કાયદો અને વ્યવસ્થા મલી છે. તેમણે સ્વિકાર કર્યો છે કે, જૂની સરકારે બંધારણ અને મહત્ત્વની લોકશાહી સંસ્થાઓને સંપૂર્ણ નબળી પાડી દીધી છે, જેને સુધારવાની અમારી પહેલી પ્રાથમિકતા છે.તેમણે દેશના લોકોને, ખાસ કરીને યુવાઓને ખાસ મેસેજ આપ્યો છે. આ ઉપરાંત તેમણે પોતાની બાંગ્લાદેશ ફર્સ્ટ નીતિની જેમ વિભાજનના બદલે એક થવા પર મહત્ત્વ આપ્યું છે.

### શંકરાચાર્ય વિવાદ પર અવિમુક્તેશ્વરાનંદનો પલટવાર

## જો તમે ખરેખર યોગી છો, તો સત્તા અને મુખ્યમંત્રી પદ કેવી રીતે સ્વીકારી શકો?

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

ઉત્તર પ્રદેશના રાજકીય અને ધાર્મિક ક્ષેત્રે અત્યારે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને શંકરાચાર્ય સ્વામી અવિમુક્તેશ્વરાનંદ વચ્ચે ભારે નિવેદનબાજી જોવા મળી રહી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આપેલા નિવેદન કે, દરેક વ્યક્તિ પોતાની જાતને શંકરાચાર્ય કહી શકતી નથી અને કોઈ પણ કાયદાથી ઉપર નથી, તેની સામે શંકરાચાર્યએ આકરો પલટવાર કર્યો છે. આ અંગે સ્વામી અવિમુક્તેશ્વરાનંદે કહ્યું કે, સનાતન પરંપરામાં શંકરાચાર્યની ઓળખ કોઈ રાજકીય પ્રમાણપત્ર કે સરકારી માન્યતાથી નક્કી થતી નથી. તેમણે યોગી આદિત્યનાથ પર સીધું નિશાન સાધતા કહ્યું કે, જો તમે ખરેખર યોગી છો, તો સત્તા અને મુખ્યમંત્રી પદ કેવી રીતે સ્વીકારી શકો? રાજા યોગી બની શકે, પણ સાચો યોગી ફરીથી રાજા નથી બનતો. સ્વામી અવિમુક્તેશ્વરાનંદે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ પર આકરા પ્રહાર કરતા એક ગંભીર આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું કે, આદિત્યનાથ નામની વ્યક્તિ પોતે એક એવું ઉદાહરણ છે જેમના પર ભૂતકાળમાં ૪૦થી પણ વધુ ગુનાહિત કેસો નોંધાયેલા હતા. જોકે, સત્તામાં આવતાની સાથે જ તેમણે પદનો ઉપયોગ કરીને પોતાના પરના તમામ કેસો પાછા ખેંચી લીધા હતા. મુખ્યમંત્રી યોગીએ માઘ મેળા દરમિયાન થયેલા વિવાદનો ઉલ્લેખ કરતા કહ્યું હતું, પ્રયાગરાજના માઘ મેળામાં સાડા ચાર કરોડ શ્રદ્ધાળુઓ આવ્યા, ત્યારે ત્યાં વ્યવસ્થા અને સુરક્ષા સર્વોપરી છે. સ્નાન કર્યા બાદ શ્રદ્ધાળુઓ એક્ઝિટ ગેટથી બહાર નિકળી રહ્યા હોય, ત્યારે તે ગેટથી કોઈએ અંદર આવવાનો પ્રયાસ ન કરવો જોઈએ.'

તેમણે ચેતવણી આપી છે કે, 'આવી રીતે આવવાથી નાસભાગ થવાની આશંકા વધી જાય છે અને શ્રદ્ધાળુઓના જીવનને મોટું નુકસાન થઈ શકે છે. એક જવાબદાર અને મર્યાદિત વ્યક્તિ ક્યારેય આવા પ્રકારનું આચરણ ન કરી શકે.' તેમણે વધુમાં કહ્યું કે, 'જો સમાજવાદી પાર્ટીના લોકો કોઈને પૂજવા ઈચ્છે છે તો પૂજે, પરંતુ સરકાર મર્યાદિત લોકોની છે અને તે કાયદાના શાસનમાં વિશ્વાસ રાખે છે. સરકારની પ્રાથમિકતા વ્યવસ્થા જાળવવાની અને શ્રદ્ધાળુઓની સુરક્ષા કરવાની છે.'

### સુપ્રીમ કોર્ટે સરકાર પાસે જવાબ માગ્યો

## લિવ ઈન અને દહેજ ઉત્પીડન.. માથું ચકરાઈ જાય તેવો કેસ

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

શું કોઈ પરિણીત વ્યક્તિ પોતાની પત્નીના હયાત હોવા છતાં અન્ય મહિલા સાથે લિવ-ઈન રિલેશનશિપમાં હોય, તો તે મહિલા દ્વારા દહેજ ઉત્પીડન(**IPC**ની કલમ ૪૯૮છ) હેઠળ કેસ દાખલ કરી શકાય? આ એક એવો પ્રશ્ન છે જેના પર ભારતની સુપ્રીમ કોર્ટ હવે ગંભીર કાયદાકીય વિચારણા કરવાનો નિર્ણય લીધો છે. ભારતીય દંડ સંહિતા(**IPC**)ની કલમ **498A**(જે હવે ભારતીય ન્યાય સંહિતામાં છે) સ્પષ્ટપણે જોગવાઈ કરે છે કે માત્ર એક પત્ની જ તેના પતિ અથવા તેના સંબંધીઓ સામે દહેજ કે ક્રૂરતાની ફરિયાદ નોંધાવી શકે છે. હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ કાયદેસર રીતે એક વ્યક્તિ એક જ સમયે બે મહિલાઓનો પતિ ન હોઈ શકે. આવી સ્થિતિમાં પ્રશ્ન એ ઊભો થાય છે કે શું લિવ-ઈન પાર્ટનરને કાયદેસર રીતે પત્નીનો દરજ્જો આપી શકાય?

**હિન્દુ લગ્ન અધિનિયમ હેઠળ કાયદેસર રીતે એક વ્યક્તિ એક જ સમયે બે મહિલાઓનો પતિ ન હોઈ શકે : કોર્ટ**

સુપ્રીમ કોર્ટના જસ્ટિસ સંજય કરોલ અને જસ્ટિસ એન.કે. સિંહની ખંડપીઠે ડૉ. લોકેશ બી.એચ. દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી, જેની પૃષ્ઠભૂમિ મુજબ લોકેશે ફેબ્રુઆરી ૨૦૦૦માં નવીના સાથે લગ્ન કર્યા હતા. આરોપ છે કે તેમણે વર્ષ ૨૦૧૦માં તીર્થ નામની મહિલા સાથે પણ લગ્ન કર્યા હતા, જે કાયદેસર રીતે અમાન્ય ગણાય છે.

તીર્થે ૨૦૧૬માં લોકેશ પર દહેજની માંગણી કરી તેને સળગાવવાનો પ્રયાસ કરવાનો ગંભીર આરોપ લગાવી ઘરેલુ હિંસાનો કેસ દાખલ કર્યો હતો. તેના બચાવમાં લોકેશની દલીલ છે કે તીર્થ સાથે તેનો કોઈ કાયદેસર વૈવાહિક સંબંધ નથી અને આ સંબંધને અમાન્ય જાહેર કરવા માટે તેમણે બેંગલુરુની ફેમિલી કોર્ટમાં કેસ પણ કરેલો છે, જે હાલ પેન્ડિંગ છે. વધુમાં, લોકેશના એમ્પ્લોયરે પણ પ્રમાણિત કર્યું છે કે કથિત ઘટનાના દિવસે તેઓ હોસ્પિટલમાં પોતાની ફરજ પર હાજર હતા.

કર્ણાટક હાઈકોર્ટે લોકેશની એ અરજી ફગાવી દીધી હતી, જેમાં તેમણે પોતાની સામે ચાલી રહેલી કાયદાકીય કાર્યવાહીને રદ કરવાની માંગ કરી હતી. આ મામલે હવે સુપ્રીમ કોર્ટનો અભિગમ અત્યંત ગંભીર જણાય છે. સુપ્રીમ કોર્ટે આ જટિલ મુદ્દે કેન્દ્ર સરકાર પાસે જવાબ માંગ્યો છે અને એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીને આ કેસમાં સહયોગ કરવા જણાવ્યું છે. કેસની કાયદાકીય ગૂંચવણોને ધ્યાનમાં રાખીને કોર્ટે વરિષ્ઠ એડવોકેટ નીના નરીમનને એમિકસ ક્યુરી(**Amicus Curiae**-અદાલતના મિત્ર) તરીકે નિયુક્ત કર્યા છે, જેઓ આ વિષય પર નિષ્પક્ષ કાયદાકીય અભિપ્રાય રજૂ કરશે. બીજી તરફ, અરજદારના વરિષ્ઠ વકીલ સંજય નુલીએ દલીલ કરી હતી કે હાઈકોર્ટે **IPC**ની કલમ ૪૯૮છનું અર્થઘટન કરવામાં ગંભીર ભૂલ કરી છે. તેમની મુખ્ય દલીલ એ છે કે કાયદાની પરિભાષા સ્પષ્ટપણે માત્ર પતિ અને પત્નીનો જ ઉલ્લેખ કરે છે, તેથી આ કલમ લિવ-ઈન રિલેશનશિપ પર લાગુ કરી શકાય નહીં-ખાસ કરીને એવા કિસ્સામાં જ્યાં પુરુષ પહેલેથી જ કાયદેસર રીતે પરિણીત હોય.

## મેટ્રોના પિલરનો સિમેન્ટ બ્લોક ઓટો રિક્ષા અને કાર પર પડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)મુંબઈ

મુંબઈના મુલુંડ (પશ્ચિમ) વિસ્તારમાં શનિવારે બપોરે ભયાનક દુર્ઘટના ઘટી છે. અહીં **LBS** રોડ પર બાંધકામ હેઠળના મેટ્રો પિલરનો સિમેન્ટનો એક બ્લોક અચાનક તૂટીને નીચે ઓટો રિક્ષા અને કાર પર પડ્યો હતો. આ દુર્ઘટનામાં ૪ જેટલા લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું કહેવામાં આવી રહ્યું છે. આ ઘટના જોન્સન એન્ડ જોન્સન કંપની પાસે બની છે. પ્રાથમિક માહિતી અનુસાર, આ દુર્ઘટના બપોરે આશરે ૧૨:૨૦ વાગ્યે સર્જાઈ હતી. દુર્ઘટનામાં ઓટોમાં સવાર ૩થી ૪ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત થયા હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે.દુર્ઘટનાની જાણ થતાં જ મુંબઈ ફાયર બ્રિગેડ, સ્થાનિક પોલીસ, મેટ્રોના કર્મચારીઓ, વોર્ડ સ્ટાફ અને ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રાહત અને બચાવ કાર્ય તરત જ શરૂ કરી દેવામાં આવ્યું હતું. હાલ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.પોલીસે આસપાસના વિસ્તારને ઘેરી લઈને ટ્રાફિકને ડાયવર્ટ કર્યો છે અને ઘટનાસ્થળેથી સિમેન્ટના આ બ્લોકને હટાવવાની કામગીરી શરૂ કરી દીધી છે. હાલમાં પોલીસ અને સંબંધિત એજન્સીઓ દુર્ઘટનાના કારણોની તપાસ કરી રહી છે. એ પણ જોવામાં આવી રહ્યું છે કે નિર્માણ કાર્ય દરમિયાન સુરક્ષા માપદંડોનું પાલન કરવામાં આવ્યું હતું કે કેમ.




